જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ

# ઈકો કલબ
# શાળાકીય પ્રવૃત્તિ અહેવાલ

તા. જિ : રાજકોટ



**વર્ષ :૨૦૨૪ – ૨૦૨૫**




**સંકલન**

ડૉ. નિશાત એ. બાબી
સિનિયર લેક્ચરર
તથા
દિપાલીબેન જે. વડગામા
લેક્ચરર
ડાયેટ રાજકોટ

**માર્ગદર્શક**

ડૉ. સંજયભાઈ એન. મહેતા
પ્રાચાર્યશ્રી
ડાયેટ રાજકોટ

ત્રિકોણબાગ પાસે, જવાહર રોડ – રાજકોટ
ફોન (૦૨૮૧) ૨૨૪૨૧૪૦
Email : dietrajkot1@gmail.com

## સંકલન કર્તા

| ક્રમ | તજજ્ઞનું નામ | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| 1 | બંસરીબેન કે. ગોરખીયા | કુવાડવા તાલુકા શાળા | રાજકોટ |
| 2 | વિપુલભાઈ વી. જોટંગિયા | ખાટલી પ્રાથમિક શાળા | જામકંડોરણા |
| 3 | રવિ મનસુખલાલ બુધ્ધદેવ | શ્રી મસીતાળા પ્રાથમિક શાળા | ગોંડલ |
| 4 | અશોકભાઈ જે. નાગર | શ્રી ગીતાનગર તાલુકા શાળા | પડધરી |
| 5 | દામજીભાઈ જી. વોરા | નિવૃત શિક્ષક | પડધરી |
| 6 | સંજય એલ. રાઠોડ | બરડિયા તાલુકા શાળા | જામકંડોરણા |
| 7 | કિરણકુમાર આર. પટેલ | શ્રી ડેરોઈ પ્રાથમિક શાળા | રાજકોટ |
| 8 | જોષી દિશાંત જી. | રેડિયો સ્ટેશન પ્રાથમિક શાળા | પડધરી |
| 9 | જીજ્ઞેશ જે. ખુંટ | શાળા નં. 8 RMC | રાજકોટ કોર્પો. |
| 10 | તુષારભાઈ વી. કાનાણી | મોટા ખીજડીયા તાલુકા શાળા | પડધરી |
| 11 | વિજયભાઈ મોઢવાડીયા | જયભારત પ્રાથમિક શાળા | રાજકોટ કોર્પો. |

## પ્રાચાર્યશ્રીની કલમે.....

**આબાદ રહે મારું આ વતન, પર્યાવરણ કેરું કરવું પડશે સૌએ જતન.**

**"SAVE ENVIRONMENT AND SAVE ANIMALS WHICH WILL SAVE US"**

શૈક્ષણિક ગુણવત્તા પર અસર કરનાર પરિબળોમાં શાળાનું પર્યાવરણ પણ એક મહત્વનો ભાગ છે. શાળામાં આવતા બાળકો શાળામાં પ્રવેશે તેને શાળામાં રોકાવું ગમે તે માટે શાળાનું પરિસર અને પર્યાવરણ સુંદર અને હરિયાળું હોવું ખૂબજ જરૂરી છે. બાળક અને શિક્ષકના સહિયારા પ્રયાસથી શાળાની સ્વચ્છતા, વૃક્ષો, ફૂલછોડ, બગીચો, ઔષધબાગ, કિચન ગાર્ડન, જળસંચય અને ઉર્જા બચાવો જેવી કામગીરીમાં રસપૂર્વક ભાગ લઈ શાળાના વાતાવરણને મઘમઘતું બનાવે તે જરૂરી છે. શાળા પરિવાર દ્વારા શાળાબાગના નિર્માણથી શાળા નયનરમ્ય બની દીપી ઉઠે છે. આપણી શાળા અને ગામને નંદનવન, સ્વચ્છ તેમજ હરીયાળા બનાવીએ. ગ્રામજનો પણ આ સેવા યજ્ઞમાં જોડાય તો શાળા પ્રત્યે મારાપણાની ભાવના અને આકર્ષણ જન્મે છે.

આપણા પર્યાવરણને બચાવવાનો અને તે અંગે ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. પ્લાસ્ટીકનો વપરાશ ઘટાડીએ, પાણી અને ઉર્જાનો બચાવ કરીએ. પર્યાવરણની સમતુલા જાળવવા આપણાથી બનતા બધા જ પ્રયત્નો આપણે સૌ સાથે મળી કરીએ. આ પ્રકલ્પના માધ્યમ થકી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને પર્યાવરણીય મૂલ્યોના બીજ રોપીએ. આ પ્રકલ્પ એ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ માનવી તૈયાર કરવાનું ઉત્તમ માધ્યમ છે.

આ સંકલ્પનાનો વિકાસ થાય તે માટે શાળા પરિવારને સહાય થવાના હેતુથી જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા ઈકો કલબની પ્રવૃત્તિઓ માટે સહાય આપવામાં આવે છે. આ પ્રકલ્પ અન્વયે રાજકોટ જિલ્લાની વિવિધ શાળાઓમાં ઇકોક્લબ અંતર્ગત થતી સુંદર કામગીરીનું આલેખન આ અહેવાલમાં કરવામાં આવેલ છે. જેમાંથી પ્રેરણા લઈ અન્ય શાળાઓ પણ ઇકોક્લબની પ્રવૃત્તિઓ કરવા પ્રેરાય. મને આશા છે કે, જિલ્લાની અન્ય શાળાઓ માટે આ અહેવાલ પ્રેરણારૂપ બની રહેશે અને આ પ્રવૃત્તિઓ થકી આવનારી પેઢી પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનશે. આપણી શાળાઓમાં આનંદમય ભાવાવરણ અને વાતાવરણની સાથે-સાથે સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરીએ તેવી શુભેચ્છાઓ. જિલ્લાની શાળાઓમાં થયેલ ઈકોક્લબ શાળાકીય પ્રવૃત્તિઓનો જિલ્લા કક્ષાનો અહેવાલ આપને અર્પણ કરતા હર્ષની લાગણી અનુભવુ છું.

ડૉ. સંજય એન. મહેતા
પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ.

## આલેખના અવસરે....

વિશાળે જગ વિસ્તરે, નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ.
- ઉમાશંકર જોશી

પૃથ્વી એકમાત્ર માનવની સંપતિ નથી. પ્રાણી વનસ્પતિ, પક્ષી, જીવજંતુ વગેરે પૃથ્વી પર વસે છે. પરંતુ મનુષ્યએ પોતાના ભોગવિલાસ માટે પર્યાવરણનો ભોગ લીધો છે. કુદરતી સંસાધનોના સતત ઉપયોગને કારણે કુદરતમાં અસંતુલન થયું છે. આ અસંતુલન દૂર કરવા માટે શાળા કક્ષાએ બાળકોને જાગૃત કરી શકાય. પરંતુ આ ફેરફાર આવડા મોટા દેશમાં રાતોરાત ન થઈ શકે. આજનું બાળક એ આવતી કાલનો નાગરિક છે. જો બાળકમાં સમજણ વિકસે તો આવનારા સમયમાં સમાજમાં પણ જાગૃતિ આવી શકે છે. અને ભવિષ્યમાં વિશ્વકક્ષાએ આ પ્રશ્નનું સમાધાન લાવી શકાય.

ભારત સરકાર આજે પર્યાવરણના પ્રશ્નને લઈને ખૂબ જ ચિંતિત છે. ત્યારે શાળાકક્ષાએ આપણી પણ કંઇક જવાબદારી બને છે. શાળામાં ઈકોક્લબની પ્રવૃત્તિઓથી પર્યાવરણની સમસ્યાને હળવી કરી શકાય છે. બાળકોમાં વૃક્ષો, પક્ષીઓ, પ્રાણીઓ, જંગલ અને કુદરતી સાધનો પ્રત્યે સમજણ વિકસાવવા ઈકો ક્લબની પ્રવૃત્તિ ખૂબ જ ઉપયોગી બને છે. પ્રકૃતિ વંદના માટે ઈકો ક્લબની પ્રવૃત્તિ મહત્વનો ભાગ ભજવે છે.

તો ચાલો વાંચીએ, વિચારીએ અને અમલ કરીએ આ નાવિન્યસભર પ્રવૃત્તિઓને અને તેના દ્વારા પ્રકૃતિમાતાનું ઋણ અદા કરીએ.

દિપાલીબેન વડગામા
લેક્ચરર-કાર્યાનુભવ શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટ.

DIET-RAJKOT

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત |
|---|---|
| 1 | પ્રસ્તાવના |
| 2 | ઇકોક્લબ પ્રવૃત્તિનાં હેતુઓ |
| 3 | ઇકોક્લબનું મહત્વ |
| 4 | ઇકોક્લબ અંતર્ગત પ્રવૃત્તિઓની યાદી |
| 5 | વિભાગ 1 ઇકોક્લબ અંતર્ગત થતી દૈનિક પ્રવૃત્તિઓની વિગત |
| 6 | વિભાગ 2 ઇકોક્લબ અંતર્ગત થતી દિન વિશેષ ઉજવણીની વિગત |
| 7 | વિભાગ 3 ઇકોક્લબ અંતર્ગત થતી વાર્ષિક પ્રવૃત્તિઓની વિગત |
| 8 | વિભાગ 4 ઇકોક્લબ અંતર્ગત યોજાતી વિવિધ સ્પર્ધાઓની વિગત |
| 9 | વિભાગ 5 ઇકોક્લબ અંતર્ગત યોજાતા વિવિધ પ્રવાસ/પર્યટનની વિગત |
| 10 | વિભાગ 6 ઇકોક્લબ અંતર્ગત થતી અન્ય પ્રવૃત્તિઓની વિગત |
| 11 | વિભાગ 7 શાળાને સ્વચ્છતા/પર્યાવરણ સંરક્ષણ/ઇકોક્લબ અંતર્ગત કરેલ વિશેષ કામગીરી બદલ મળેલ સન્માન/પુરસ્કાર તથા લોકસહયોગ |
| 12 | સંદર્ભ સ્ત્રોતની વિગત |
| 13 | શાળા કક્ષાએ થયેલ ઇકોક્લબની પ્રવૃત્તિઓની તસવીરી ઝલક અને પરિશિષ્ટ |


DIET-RAJKOT

## પ્રસ્તાવના....

પર્યાવરણ સમતુલાનો પ્રશ્ન આજે એક વિશ્વ સમસ્યા છે. દિવસે-દિવસે પ્રદૂષણ વધવાથી તેના વિપરીત પરિણામોએ લોકોને વિચારતા કર્યા છે.

આ સંદર્ભે વર્ષ ૨૦૦૧માં એક કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં પર્યાવરણ સમતુલા જાળવવા અને લોકજાગૃતિ માટે નેશનલ ગ્રીનક્રોપ્સનો મુદ્દો ચર્ચવામાં આવ્યો હતો. ભારતની સર્વોચ્ચ અદાલતે પણ આ પ્રકારની પર્યાવરણની પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રત્યે ચિંતા વ્યક્ત કરીને તમામ પ્રકારના અભ્યાસક્રમોમાં પર્યાવરણને એક વિષય તરીકે દાખલ કરવા માટે હિમાયત કરી હતી. આપણે સૌ પર્યાવરણના એક ભાગ છીએ. પર્યાવરણ તરફના આપણા દ્રષ્ટિકોણમાં ફેરફાર લાવી ઘણાં પર્યાવરણીય પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. આપણા વિસ્તારને ચોખ્ખો રાખીને અને વસ્તુઓના પુનઃઉપયોગથી કુદરતી સ્ત્રોતનું જતન કરીને બાળકો દ્વારા સમાજની વર્તણુંકમાં ફેરફાર કરી શકાય. બાળકોમાં સ્વાર્થ હોતો નથી. તેઓના મનમાં નવા વિચારો સહેલાઈથી આપી શકાય છે. તેઓ આપણું ભવિષ્ય છે. દરેક બાળક પોતાના કુટુંબમાં અગત્યની અસર ઉપજાવી શકે છે. તેથી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં પર્યાવરણ સમિતિ એટલેકે ઈકોકલબની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં માધ્યમિક કક્ષાએ પર્યાવરણ પ્રવૃત્તિ થાય છે. પ્રાથમિક શાળાઓમાં ઈકોકલબ પ્રવૃત્તિઓ વધુ વેગવાન બને અને અસરકારક પરિણામ આવે તે ઉદ્દેશને ધ્યાનમાં રાખી જીસીઈઆરટી-ગાંધીનગરના માધ્યમ દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ઈકોકલબની સ્થાપના કરી બાળકોમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયત્નોને વેગવંત કરવા માટે સહિયારા પુરુષાર્થની શરૂઆત કરેલ હતી.

## ઈકોક્લબનો અર્થ:-

***‘ઈકોક્લબ એટલે શાળાના પ્રકૃતિપ્રેમી વિદ્યાર્થીઓનું એક સંગઠન જેને બાળકોની પર્યાવરણ સમિતિ પણ કહેવાય. બાળકોને પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણની કુશળતા અને જાણકારી પુરી પાડતી અનૌપચારિક સક્રિય સમિતિ એટલે ઈકોક્લબ.’***

DIET-RAJKOT

## ઇકો ક્લબની સંકલ્પના

એક સ્વસ્થ અને પ્રદૂષણ મુકત વાતાવરણ એ આજના હાઇટેક યુગમાં ખૂબ જ અનિવાર્ય બાબત છે. આજના મોબાઇલ યુગમાં માનવ દિન પ્રતિદિન પ્રવૃત્તિથી તેમજ પ્રકૃતિથી વિમુખ થતો જાય છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી વિશ્વ જ્યારે તોબા પોકારી રહ્યું છે ત્યારે પર્યાવરણનું જતન આવશ્યક બની ગયું છે.

પ્રકૃતિ વગર જીવનની કલ્પના પણ ના થઇ શકે. પર્યાવરણને જીવનનો એક આગવો હિસ્સો બનાવવા માટે ઇકો ક્લબની રચના કરી ઇકો ફ્રેન્ડલી પ્રવૃતિઓ દ્વારા સમાજને જાગૃત કરવા ઇકો ક્લબની રચના તમામ ક્ષેત્રમાં થાય અને પ્રકૃતિ પ્રત્યે સદભાવના જાગે તેવું આયોજન કરવું જોઇએ.

'ECOLOGY' અંગ્રેજી શબ્દ છે જે મૂળ ગ્રીક શબ્દ 'OIKAS પરથી ઉદ્દભવેલો છે. જેનો અર્થ છે પરિવાર સાથેનો સંબંધ', નિકટતા આમ ECOLOGY એટલે કુદરતના જૈવિક અને અજૈવિક પરિબળ સાથેના સંબંધોનું અભ્યાસ કરતુ શાસ્ત્ર એટલે કે સંશોધનની એક શાખા.

## ઇકો ક્લબનું મહત્વ:-

- શાળા-મહાશાળાઓમાં આ સમિતિની રચના થવાથી શાળાના બાળકોમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને લગાવ જાગે છે. સમાજને વધુ ઉપયોગી બનાવી શકાય છે.
- આ સમિતિ દ્વારા શાળા-મહાશાળામાં સ્વસ્થ જમીનની રચના વિશે જાણકારી મળે છે.
- શાળાકીય ઔષધબાગની રચના થતાં ઘરગથ્થુ ઔષધની જાણકારી મળે છે. તેનાથી પ્રાથમિક ઉપચારમાં મદદરૂપ બનાય છે.
- શાકભાજીનો બગીચો તૈયાર કરી બાળકોનું આર્થિક ભંડોળ ઊભું કરી શકાય છે.
- શાળાઓમાં પર્યાવરણ સલામતી સંદર્ભે તંદુરસ્ત હરીફાઈનું આયોજન થાય તો બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવી શકાય.
- બાળકોને અન્ય જીવો પ્રત્યે સંવેદના અને પ્રકૃતિના દરેક ઘટકો પ્રત્યે કૃતજ્ઞતા ભાવ જગાડવા મદદરૂપ થાય છે.

## ઈકોક્લબ પ્રવૃત્તિઓના હેતુઓ:-

બાળકો પર્યાવરણ પ્રત્યે સજાગ બને.
વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય.
બાળકો પર્યાવરણને લગતી માહિતી પ્રાપ્ત કરે.
બાળકોમાં પર્યાવરણના રક્ષણ, સંવર્ધન તેમજ જતન પ્રત્યે જાગૃતતા કેળવાય.
બાળકો ઈકોક્લબ અંતર્ગત થતી પ્રવૃત્તિઓથી માહિતગાર થાય.
બાળકોમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ જાગૃત થાય.
'પ્રવૃત્તિ જ્ઞાન', 'ભાર વગરનું ભણતર', 'જ્ઞાન સાથે ગમ્મત' જેવા સૂત્રો સાર્થક થાય.
બાળકો પ્રકૃતિના ખોળે કંઈક નવું શીખે.
બાળકો પોતાના સ્વાસ્થ્યની સાર સંભાળ જાતે રાખતા શીખે.
પર્યાવરણના ઘટકો સાથે પરસ્પર સહકાર સાધી ચેતન સૃષ્ટિમાં જીવંતતા પ્રાપ્ત કરે.
વનસ્પતિ, પશુ–પંખી, પ્રાણીઓ, જીવજંતુઓની ઓળખ મેળવે અને તેની સાથે મિત્રતાનો ભાવ કેળવે.
ઈશ્વરે કરેલા સૃષ્ટિ – સર્જનનું મહત્વ સમજે.
ઈકોક્લબની પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણનું જ્ઞાન ચિરસ્થાયી રહે છે.
બાળક પોતે પર્યાવરણનો એક અભિન્ન અંગ છે તે સમજે.
બાળકોમાં દયાભાવ અને પ્રેમભાવ જન્મે.
બાળકો વિવિધ ઔષધીય વનસ્પતિના ઉપયોગો વિશે જાણે.
એન.સી.એફ. ૨૦૦૫ મુજબ મૂલ્યલક્ષી શિક્ષણ મેળવે.
ઈકોક્લબની પ્રવૃત્તિઓ દ્વારા પાઠયક્રમના કેટલાક એકમો શીખે.
શિક્ષકો ઈકોક્લબની પ્રવૃત્તિઓનો વિષયાનુબંધ કેળવે.
બાળકો ઈકોક્લબની સમિતિની રચના દ્વારા જવાબદારી સમજે.
પર્યાવરણના સંતુલન માટે સજાગતા કેળવે.
વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શનમાં ઈકોક્લબ સંબંધિત કૃતિ તૈયાર કરતા શીખે.
વિવિધ કુદરતી ખાતરની બનાવટ અને ઉપયોગ સમજે.
પર્યાવરણને લગતા વિશિષ્ટ દિનનું મહત્વ સમજે તેમજ ઉજવણી કરી આત્મસાત કરે.
બાળકો વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થાય અને તેનું મહત્વ સમજે.
બાળકો પાણીના સ્ત્રોતો વિશે જાણકારી મેળવે અને વિવિધ રોગોના ઘરગથ્થું ઉપચાર વિશે જાણે.
બાળકો સ્વચ્છતાનું મહત્વ સમજે અને આજુ-બાજુના પર્યાવરણને સ્વચ્છ રાખે.

DIET-RAJKOT

## વિભાગ-1 : ઇકો ક્લબ અંતર્ગત શાળા કક્ષાએ થતી દૈનિક પ્રવૃત્તિઓ.

- **પ્રસ્તાવના :**

પ્રસ્તુત વિભાગમાં શાળામાં ઇકો ક્લબ અંતર્ગત થતી નિયમિત પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી છે. શાળા સમયપત્રકમાં ઇકોક્લબની દૈનિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે, બાગાયતીકામ, સ્વજાગૃતિ અને સ્વચ્છતા,વૃક્ષોનું જતન વગેરે. આ વિભાગની પ્રવૃત્તિઓ થકી બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, મમત્વ, સભાનતા કેળવાય સાથો સાથ જીવનમાં નિયમિતતા આવે, બાળક શ્રમનું મહ્ત્વ સમજે એ હેતુઓ સિધ્ધ થાય છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો હેતુ સાચા અર્થમાં સાર્થક થતો અહીં જોવા મળે છે.

- **હેતુઓ :**

- બાળકોમાં સફાઈ વિશે જાગૃતતા કેળવાય.
- પોતાની શાળા અને વર્ગ પ્રત્યે પોતીકાપણાંની ભાવના જાગે.
- બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વિકસે.
- બાળકોમાં બાગાયતનો શોખ વિકસે.
- રીસાઇકલનું મહ્ત્વ સમજે.

- **ઘન કચરાનો નિકાલ:**

વિદ્યાર્થીઓ દ્વારા શાળા સફાઇ કરી ઘન કચરાનો નિકાલ કરવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. આ પ્રવૃત્તિ દરેક શાળામાં નિયમિત કરવામાં આવે છે.

- **વ્યક્તિગત સફાઈ પ્રત્યે સભાનતા :**

શાળા કક્ષાએ સફાઇ મંત્રી દ્વારા પ્રાર્થનાસભા પૂર્વે દરેક વિદ્યાર્થીના નખ, નાક, કાન અને વાળની સફાઇની ચકાસણી કરવામાં આવે છે. અને સાથોસાથ જે વિદ્યાર્થી સરસ સ્વચ્છ તૈયાર થઇને આવે છે તેમને આજના ગુલાબ જાહેર કરી પ્રોત્સાહ્ન પુરૂ પાડવામાં આવે છે.

- **પક્ષીઓ માટે ચણ અને પાણીનું પરબ:**

વિદ્યાર્થીઓ દ્વારા પક્ષીના ચણ માટે "અક્ષય પાત્ર" ની અને પાણી માટે પરબની રચના કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થી આ અક્ષયપાત્રમાં પોતાના ઘરેથી પક્ષી માટે યથાયોગ્ય ચણ લઇ આવી આ પાત્રમાં નિયમિત રાખે છે, તેમજ પાણીના કુંડામાં નિયમિત પાણી ભરી તેને ઝાડ પર લગાવે છે જેથી પક્ષીઓ પોતાની અનુકૂળતાએ તરસ લાગે ત્યારે પાણી પી શકે. આ રીતે પક્ષીપ્રેમના મૂલ્યનું શિક્ષણ પણ બાળકોને મળી  રહે છે.

- **વૃક્ષોની માવજત:**

પર્યાવરણ સમિતિ દ્વારા શાળામાં ઉગેલા વિવિધ છોડો અને વૃક્ષોને પાણી પાવાની, ખાતર નાખવાની, નિંદામણ તેમજ ક્યારા કરવાની પ્રવૃત્તિઓ નિયમિતપણે કરી વૃક્ષોની માવજત અને જતનની કામગીરી કરવામાં આવે છે.

- **વેસ્ટેજ પાણીનો યોગ્ય નિકાલ કરી તે દ્વારા ઔષધબાગ સિંચાઈ:**

શાળામાં વેસ્ટેજ પાણીનો નિકાલ યોગ્ય રીતે થાય તે માટે વેસ્ટેજ પાણી સીધું જ ક્યારામાં પહોંચે તેમજ ટાંકો ઓવરફ્લો થાય ત્યારે તેનું પાણી પણ આ જ રીતે યોગ્ય જગ્યાએ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. જે શાળામાં ફિલ્ટર પ્લાન હોય તે ફિલ્ટર પ્લાનના વેસ્ટેજ પાણીના નિકાલની પણ આવી જ વ્યવસ્થા કરવામાં આવે છે. આ રીતે પાણીનો વ્યય થતો અટકાવી વેસ્ટેજ પાણીને શાળાના ઔષધબાગમાં પહોંચાડવામાં આવે છે.

- **એક વ્યકિત એક છોડ:**

શાળામાં જ્યારે જુન માસમાં વૃક્ષારોપણ કરવામાં આવે ત્યારે દરેક વિદ્યાર્થીને એક એક ઝાડ દત્તક આપી તેનું નામકરણ કરવામાં આવે છે. દિવસ દરમ્યાન દરેક બાળક પોતાને દત્તક આપેલ વૃક્ષનું નિયમિતપણે જતન કરે છે.
















DIET-RAJKOT








Life
Since 1978








DIETRAJKOT

## વિભાગ - 2 ઈકો ક્લબ અંતર્ગત શાળા કક્ષાએ થતી દિન વિશેષની ઉજવણી.

### પ્રકૃતિ તરફ પાછા વળો

પર્યાવરણની અસમતુલા એ આજનો મુખ્ય પ્રશ્ન છે. તે અંગેની સમજ અને ઉકેલ માટે સામાજિક જાગૃતિ અતિ આવશ્યક છે. આ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિશ્વકક્ષાએ 2001 માં પર્યાવરણ સમતુલા જાળવવા માટે નેશનલ ગ્રીન કોર્પ્સનો મુદ્દો ચર્ચવામાં આવ્યો. જેમાં પર્યાવરણ સમતુલા જાળવવા લોકજાગૃતિ માટે તમામ પ્રકારના અભ્યાસક્રમોમાં પર્યાવરણને એક વિષય તરીકે દાખલ કરવામાં આવ્યો. આ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિન અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે ગ્રામ્ય અને શહેરી કક્ષાએ તથા શાળા, મહાશાળા અને મહાવિદ્યાલય વગેરે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી બિન સરકારી પર્યાવરણ સંસ્થાઓ દ્વારા પર્યાવરણ જાગૃતિ અંગે સેમિનાર/બેઠકનું આયોજન કરવામાં આવે છે. શાળા કક્ષાએ એસ. એમ. સી., પર્યાવરણપ્રેમી શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેનો સેમિનાર યોજી પર્યાવરણ અંગે જાગૃતિ લાવી શકાય. હાલમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તમામ સ્તરે આવા સેમિનાર અને બેઠક યોજવામાં આવે છે. ઉપરોક્ત દિવસોની યાદીમાંથી કેટલાક દિવસોને વિસ્તૃત રીતે જાણીએ.

DIET-RAJKOT

**વિશ્વ ચકલી દિવસ**

20 મી માર્ચ એટલે વિશ્વ ચકલી દિવસ. આજે પક્ષીઓમાં પણ ઘણી જાતિઓ લુપ્ત થતી જાય છે. પક્ષી આપણા પર્યાવરણનું રક્ષણ કરે છે, ત્યારે આવી લુપ્ત થતી પક્ષીઓની જાતિઓને બચાવવાના ઉદેશ્યથી આ દિવસને ઉજવવામા આવે છે.

તારે ઘેર નોકર ચાકર સૈનિકોનું ધાડું,

મારે ઘેરે ચકલી બેસે તે જ મારું રજવાડું.

**વિશ્વ વન દિવસ** :

દર વર્ષે **21 માર્ચ**ના રોજ વિશ્વમાં "**વિશ્વ વન દિવસ**"ની ઉજવણી કરવામાં આવે છે. વનો પૃથ્વીના ફેફસા છે. જીવનજરુરી અનેક ચીજ વસ્તુઓનો આધાર વન છે. અનેક પ્રકારની જૈવ વૈવિધ્યની જાળવણી વન કરે છે, જેનો મુખ્ય ઉદેશ્ય વનો દ્વારા મળતાં અગણિત લાભો, પેદાશો અને ઉપકારોને યાદ કરી તેનું ઋણ ચુકવવાનો છે. વિશ્વમાં પ્રતિ મિનીટ ૨૫ હેક્ટર કુદરતી વનોનો નાશ થઇ રહ્યો છે. આ જ ઝડપે વનોનો નાશ થવાનો ચાલુ રહેશે તો કદાચ એક દિવસ પૃથ્વી વન વિહોણી બની જશે. આ અટકાવવા માટે આ દિવસને ઉજવીને સમાજમાં એક સંદેશો પહોંચાડી શકીએ.

**વિશ્વ જળ દિવસ :**

22 મી માર્ચને આપણે વિશ્વ જળ દિન તરીકે ઊજવીએ છીએ. ઈ.સ. 1992 થી આ દિવસ ઊજવવાનું નક્કી થયું. આ દિવસને ઉજવવાનો મુખ્ય હેતુ જળસ્ત્રોતનો વિકાસ આર્થિક ઉત્પાદકતા અને સામાજિક સુખાકારી માટે કેટલો આવશ્યક છે તે અંગેની જાગૃતિ લોકોમાં વધે તેવો છે.

**પૃથ્વી દિવસ :**

22 એપ્રિલને આપણે પૃથ્વી દિન તરીકે ઊજવીએ છીએ. પૃથ્વી એ આપણા સહુનું એકમાત્ર ઘર છે. તેના પર્યાવરણ પર ઊભું થયેલું જોખમ આપણું સહિયારું જોખમ છે. વૈશ્વિક પર્યાવરણની જાળવણીના પ્રયત્નોમાં વધુ ને વધુ લોકો ઉત્સાહભેર ભાગ લે અને આ પ્રયત્નો વધુ સઘન બને તે આ દિનની ઉજવણીનું હાર્દ છે.

**વિશ્વ પર્યાવરણ દિન :**

વિશ્વ પર્યાવરણ દિન ૫ જૂને ઉજવવામાં આવે છે. સરકારી, ખાનગી તથા સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા પર્યાવરણના રક્ષણ માટે પગલા લેવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજના યુગની પર્યાવરણીય સમસ્યાઓ વાહનો દ્વારા થતું પ્રદૂષણ, ઝેરી વાયુઓ દ્વારા થતું પ્રદૂષણ વગેરે પ્રદૂષણોથી ગ્રીન હાઉસ ઈફેક્ટમાં થતી ઓઝોન વાયુઓના સ્તરમાં ગાબડું પડવાની સમસ્યાની જાણકારી વિવિધ સ્પર્ધા, નાટકો અને રેલીઓ દ્વારા કરવામાં આવે છે.

**રસીકરણ અને દુષ્કાળ સામે વિજયી દિવસ :**

17મી જૂનને આપણે રસીકરણ અને દુષ્કાળ સામે વિજયી દિન તરીકે ઉજવીએ છીએ. 1994 માં આ દિવસે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જે રસીકરણ અને દુષ્કાળની સમજૂતી સ્વીકારવામાં આવેલી તેના ઉપલક્ષ્યમાં આ દિનની ઉજવણી કરવામાં આવે છે.

**વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિન**

જળ, જંગલ અને જમીન આ ત્રણેય વગર કુદરતની કલ્પના કરવી અશક્ય છે. જંગલ છે તો વન્યજીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો **"જળ એ જ જીવન"** છે. વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જ્યાં જળ, જંગલ અને જમીન પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલો અને વન્યજીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગૃતતા લાવવાના હેતુથી દર વર્ષે **28 જુલાઈ** એ "**વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિન**" ઊજવવામાં આવે છે.

**વિશ્વ વસ્તી દિવસ**

11 જુલાઈને આપણે વિશ્વ વસ્તી દિન તરીકે ઊજવીએ છીએ. 1989 માં 11મી જુલાઈએ વિશ્વની વસ્તી પાંચ અબજ પર પહોંચી ગઈ. આથી વધતી જતી વસ્તીના પ્રશ્ન વૈશ્વિક જાગૃતિ લાવવા 1989માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ વિકાસ કાર્યક્રમ દ્વારા આ દિનને વિશ્વ વસ્તી દિન તરીકે ઊજવવામાં આવે છે.

વિશ્વ ઓઝોન દિન :

"વિશ્વ ઓઝોન દિન" 16 સપ્ટેમ્બરના દિવસે સમગ્ર વિશ્વમાં ઊજવવામાં આવે છે. આપણે ઇકો ફ્રેન્ડલી ખાતરોનો ઉપયોગ કરવો જોઈએ. વાહનો, પ્લાસ્ટિક ટાયર, રબર વગેરેનો વધુ પડતો ધુમાડો કરવો જોઈએ નહિ. કારણ કે તે ઓઝોન સ્તરને ખતમ કરવાનું સૌથી મોટું કારણ છે. ઓઝોન દ્વારા રોકાતા સૂર્યના પારજાંબલી કિરણો ઓઝોનના સ્તરમાં પડેલા ગાબડામાંથી આરપાર આવી માનવોના સ્વાસ્થ્યને જોખમાવે છે. જે અંગેની પુરેપુરી જાગૃતિ ફેલાવવામાં આવે તેવી પ્રવૃતિઓ શાળા કક્ષાએ કરવામાં આવે છે.

વન્ય પ્રાણી સપ્તાહ

વન્ય પ્રાણીઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવી, અમૂલ્ય વારસા અને ભય હેઠળની કક્ષામાં મુકવામાં આવેલ વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ વગેરે વિશે લોકોમાં વિસ્તૃત જાણકારી ફેલાવવાથી તેના સંરક્ષણ અંગે સભાન થાય તે હેતુથી આ સપ્તાહ 2 થી 8 ઓક્ટોબરના રોજ ઊજવવામાં આવે છે. આ દિવસે પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત, વન વિસ્તારોમાં ટ્રેકિંગ, વન્ય પ્રાણીઓ અંગે નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

વિશ્વ અન્ન દિવસ

16મી ઓક્ટોબરને આપણે વિશ્વ અન્ન દિન તરીકે ઊજવીએ છીએ. 1980 માં સંયુક્ત રાષ્ટ્રસંઘની અન્ન અને કૃષિ સંસ્થાની પરિષદ દ્વારા આ દિવસને વિશ્વ અન્ન દિવસ જાહેર કરવામાં આવ્યો છે.

વન્ય પ્રકૃતિ દિન

10મી નવેમ્બરને આપણે વન્ય પ્રકૃતિ દિન તરીકે ઊજવીએ છીએ. વનો આપણી કુદરતી સંપત્તિ છે. વનૌષધિ, ઇમારતી લાકડુ, જીવનજરૂરી વસ્તુઓ અને પ્રકૃતિની ગોદ વન્ય આધારિત છે. વન્ય સંપત્તિની જાળવણી કરવી એ આપણી સૌની ફરજ છે.

### રાષ્ટ્રીય પ્રદૂષણ અટકાવ દિન

2 જી ડિસેમ્બરને રાષ્ટ્રીય પ્રદૂષણ અટકાવવાના દિન તરીકે ઊજવવામાં આવે છે. જમીન, પાણી, હવાનું પ્રદૂષણ વધતું જાય છે. ઔદ્યોગિકરણને લીધે પ્રદૂષણનું પ્રમાણ વધતુ જાય છે. તેને અટકાવવા માટે તેના ઉપાયો લોકો સમક્ષ રજૂ કરી તે બાબતે જાગૃતિ લાવવાનો પ્રયત્ન આ દિવસે આપણે કરવાનો છે.

### રાષ્ટ્રીય ઊર્જા સરક્ષણ દિન :

14 મી ડિસેમ્બર એ રાષ્ટ્રીય ઊર્જા સરક્ષણ દિન તરીકે ઊજવાય છે. ઊર્જાના સ્રોતની જાળવણી, ઊર્જા બચત, સૌરઊર્જાનો ઉપયોગ, ઊર્જાથી ચાલતા સાધનોનો મર્યાદિત ઉપયોગ તથા જનજાગૃત્તિ માટેનો આ દિવસ છે.

આ ઉપરાંત નીચે મુજબની પ્રવૃત્તિ પણ કરવામાં આવે છે.

- શાળા સફાઈ તથા સુશોભન
- આયુર્વેદિક દવાઓની માહિતી
- પ્રકૃતિ ગીતોનું ગાન
- જન્મદિન તેમજ વિશિષ્ટ દિવસોની ઉજવણી
- ‘મને ઓળખો’ પ્રદર્શન કાર્યક્રમ









DIET RAJKOT


School No. 48
ચકલી બચાવો
વિશ્વ ચકલી દિવસ
૨૦ માર્ચ
SCHOOL NO.48
વિશ્વ ચકલી દિવસ ઉજવણી








મહારેલી





શ્રી મોટીમારડ તાલુકા શાળા નં.૨
કન્યા વિભાગ




વિશ્વ સિંહ દિવસ-2024
ઉજવણી





DIET-RAJKOT

## વિભાગ – ૩ ઈકો ક્લબ અંતર્ગત થતી વાર્ષિક પ્રવૃત્તિઓ

**પ્રસ્તાવના :**

ઇકોક્લબ અંતર્ગત વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેના દ્વારા બાળકોમાં અમુક ખાસ મૂલ્યોનો વિકાસ કરાવી શકાય છે. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિપ્રેમી બનાવીને સુંદર રાષ્ટ્રના નિર્માતા બનાવવાનું ધ્યેય સિદ્ધ કરવાની નેમ રહેલી છે.

આ વિભાગ અંતર્ગત નિમ્નલિખિત પ્રવૃત્તિઓ કરાવી શકાય છે.

- **વૃક્ષારોપણ :** શાળામાં જુલાઈ થી સપ્ટેમ્બર માસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેથી બાળકો વૃક્ષોનું મહત્વ સમજી શકે. શાળાના દરેક વૃક્ષ શિક્ષકો અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે દત્તક આપીને કાયમી તેની સારસંભાળ લેવા પ્રેરિત કરી શકાય છે.
- **ઔષધ બાગ :** વિદ્યાર્થીઓ વનસ્પતિમાંથી મળતા ઔષધને ઓળખી શકે તે માટે શાળાના એક અલગ ભૂમિ સ્વરૂપને “શાળા ઔષધબાગ” તરીકે વિકસિત કરવામાં આવે છે. વિવિધ ઔષધીય વનસ્પતિનું રોપણ કરી તેમાંથી ક્યા ક્યા ગુણો મેળવી શકાય તે વિશે માહિતી આપવામાં આવે છે. તો દૈનિક જીવનમાં ઔષધિય વનસ્પતિનું શું મહત્વ છે તેના વિશે વિદ્યાર્થીઓને અવગત કરી શકાય છે.
- **વર્મીકમ્પોસ્ટ ખાતર બનાવવું :** શાળા કક્ષાએ કુદરતી ખાતર બનાવવામાં આવે છે. પાનખરની ઋતુ દરમ્યાન ખરી પડેલા પાન અને અન્ય જૈવિક કચરાને વર્મીકમ્પોસ્ટ ખાડામાં નાખી તેમાંથી ખાતર બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

- **કિચન ગાર્ડન :** મધ્યાહ્ન ભોજનના દૈનિક લીલા શાકભાજીનો ઉપયોગ થાય અને આ શાકભાજી શાળાના કિચન ગાર્ડનમાંથી જ મળી રહે તે માટે શાળા કક્ષાએ કિચન ગાર્ડન વિકસાવવામાં આવે છે. જેમાંથી જરૂરિયાત અનુસાર વિદ્યાર્થીઓ આ ગાર્ડનમાંથી શાકભાજી તોડી લાવી રસોઇમાં તેનો ઉપયોગ કરે છે. વિવિધ શાકભાજી અને તેમાંથી મળતા વિટામિન વિશે પણ જાણકારી મેળવે છે.
- **પક્ષીઘર તથા જલપાત્ર :** જીવસેવા એજ પ્રભુસેવા એવા મૂલ્યલક્ષી ઉદ્દેશ્યથી શાળામાં પક્ષીઓને રહેવા માટે પક્ષીઘર અને જલપાત્રની વ્યવસ્થા કરવામાં આવે છે. પક્ષીઘરમાં પક્ષીઓ મુકત રીતે રહી શકે છે અને પીવાના પાણી માટે તેઓને બહાર જવું પડતું નથી. આ રીતે પક્ષી સંવર્ધન કરી શકાય છે.
- **પર્યાવરણ દિવસ :** વિશ્વ પર્યાવરણ દિવસે શાળામાંથી વિવિધ પર્યાવરણ સુરક્ષા અને જાગૃતિના બેનર લઇ રેલી કાઢવામાં આવે છે. સાથે બાળકોને યુટ્યુબ વિડીયો પણ બતાવવામાં આવે છે. આ દિન નિમિતે પર્યાવરણને નુકશાન પહોંચાડતા પરિબળોની વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવે છે.
- **વરસાદી પાણીના સંગ્રહ** : આપણે સૌ જાણીએ છીએ કે હાલ પાણીની અછતની સમસ્યા સર્વત્ર છે. વરસાદી પાણીનો સંગ્રહ ન કરવામાં આવે તો આ સમસ્યા વધી શકે છે. તે માટે શાળામાં વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી ભભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવી શકાય અને સાથો સાથ વેસ્ટેજ પાણીને પણ યોગ્ય જગ્યાએ નિકાલ કરી પાણીનો વ્યય થતો અટકાવી શકાય છે.
- **ચબૂતરો :** શાળામાં પક્ષીઓને દાણા નાંખવા ચબૂતરો બનાવવામાં આવે છે. “અક્ષયપાત્ર” ની મદદથી તેમાં નિયમિત રીતે ચણની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.
- વર્ષના અમુક દિવસો બાળકોને નજીકની વાડીએ લઈ જઈ વનભોજન કરાવવામાં આવે છે.

- શાળામાં અને નજીકની વૃક્ષ ધરાવતી વાડીએ બાળકોને વૃક્ષ પરિચય, નામકરણ અને ગણતરી કરાવાય છે.
- વર્ષના અમુક દિવસોમાં ગ્રામ સફાઈમાં બાળકો ભાગ લે છે.
- બાળકોના અભ્યાસ દરમિયાન પ્રોજેક્ટ નિર્માણમાં પર્ણપોથી નિર્માણ કરાવવામાં આવે છે, જેમાં જુદા-જુદા વૃક્ષોના પાંદડા ભેગા કરી પ્રોજેક્ટ બનાવવામાં આવે છે.
- બાળકો દ્વારા પર્યાવરણલક્ષી શાળા સુશોભન થાય છે.
- શાળા કક્ષાએ બીજ બેન્ક વિકસાવવામાં આવે છે, જેમાં જુદાં જુદા બિયારણો રાખવામાં આવે છે. જેમાંથી જરૂરિયાત અનુસાર વાવેતર થાય છે.
- શાળામાં આવતા પક્ષીઓના પીંછા સંગ્રહ પોથી નિર્માણ કરવામાં આવે છે.
- શાળાના વાર્ષિક ઉત્સવમાં "પર્યાવરણ સુરક્ષા" થીમ આધારિત નાટકો અને એક પાત્રીય અભિનય રજુ થાય છે. અને સાથો સાથ વર્ષ દરમ્યાન ઇકો ક્લબ અંતર્ગત થયેલ વિવિધ પ્રવૃત્તિઓનું નિદર્શન રાખવામાં આવે છે. આ વિભાગમાં જે વિદ્યાર્થીએ સર્વશ્રેષ્ઠ કામગીરી કરી હોય તેને શીલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- **પાણી વપરાશનું માપન તથા પાણી બચત અભિયાન :**

  શાળામાં વર્ષ દરમ્યાન પાણીનો વપરાશ કઇ – કઇ જગ્યાએ કેટલો થાય છે તેનું માપન કરવામાં આવે છે આ સાથે કઇ – કઇ જગ્યાએ પાણીની બચત થઇ શકે તે માટે એક્શન પ્લાન બનાવાય છે. વર્ષમાં એક વાર પાણીની સ્વચ્છતાનું માપન યોગ્ય એજન્સી દ્વારા થાય છે.

- **વીજળી વપરાશનું માપન વીજળી બચત અભિયાન**

શાળામાં વર્ષ દરમ્યાન વીજળીનો વપરાશ કઇ – કઇ જગ્યાએ કેટલો થાય છે તેનું માપન કરવામાં આવે છે આ સાથે કઇ – કઇ જગ્યાએ વીજળીની બચત થઇ શકે તે માટે એક્શન પ્લાન બનાવાય છે.

- **કચરા ટોપલીનું નિર્માણ :**

  સૂકો કચરો, ભીનો કચરો અને અન્ય કચરા માટે વિવિધ કલર કોડવાળી કચરા ટોપલી બનાવાય છે. જેથી યોગ્ય કચરો યોગ્ય પેટીમાં જાય અને તેનો યોગ્ય રીતે નિકાલ થાય.

- **સ્વચ્છતા સમિતિની રચના**

  શાળા કક્ષાએ બાળ સંસદની રચના દર વર્ષે કરવામાં આવે છે તેમાં એક સ્વચ્છતા સમિતિની પણ રચના કરેલ હોય છે, જે પર્યાવરણની સ્વચ્છતા માટે કાર્ય કરે છે.

- **ઈકો કલબ કેલેન્ડરની રચના**

  વર્ષ દરમ્યાન કરવાની થતી ઇકો ક્લબની પ્રવૃત્તિનું વર્ગીકરણ માસવાર કરી અમુક શાળાઓ ઇકોક્લબ કેલેન્ડરનું નિર્માણ કરે છે.

- **માસિક આરોગ્ય તપાસણી :**

  શાળામાં સ્થાનિક આરોગ્ય વિભાગના સહયોગથી માસિક આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવે છે.

- **ઈકો કોર્નર**

  ઇકોકલબ અંતર્ગત એક અલગ વિભાગનું નિર્માણ કરવામાં આવે છે જેને ઇકોક્લબ કોર્નર કહેવામાં આવે છે. ઇકોક્લબને લગતું તમામ સાહિત્ય અને અન્ય જરૂરી સાધન સામગ્રી આ કોર્નરમાં રાખવામાં આવે છે.


WELCOME TO A RNI TALUKA SHALA
શ્રી અરણી તાલુકા શાળા
सत्यमेव


सत्यमेव




2024.08.09 16:25












Shot on OnePlus


ઔષધિ બાગ
Shot on OnePlus







# વિભાગ -4 શાળામાં ઇકો ક્લબ અંતર્ગત સ્પર્ધા, વ્યાખ્યાન માળા અને માર્ગદર્શન.

- **પ્રસ્તાવના :**

ઇકો ક્લબ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાન માળાઓ અને માર્ગદર્શન શિબિર યોજવામાં આવે છે. નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતવ્ય સ્પર્ધા વગેરે જેવી પર્યાવરણ વિષયક સ્પર્ધાઓ કરવામાં આવે છે. પર્યાવરણ વિશે ક્વિઝ, ડીબેટ, ઋતુગીત સ્પર્ધા, પક્ષીઘર બનાવવાની સ્પર્ધા, પર્ણકુલ ઓળખ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવે છે.

- **પર્યાવરણલક્ષી નાટકો**

  શાળામાં વયકક્ષા અનુસાર બાળકો પર્યાવરણલક્ષી થીમ આધારીત નાટકો કરે છે. અને સાચા અર્થમાં પોતાનો પર્યાવરણ પ્રેમ વ્યક્ત કરી શકે છે.

- **પર્યાવરણ સૂત્ર લેખન**

  પર્યાવરણ લક્ષી સૂત્રોનું વિદ્યાર્થીઓ દ્વારા લેખન કરવામાં આવે છે.

- **પ્રાણીપોથી**

  જંગલી પ્રાણી, પાલતું પ્રાણી વગેરેના ચિત્રો અને સ્ટીકરો એકત્ર કરી પ્રાણીપોથી બનાવવામાં આવે છે.

- **પર્યાવરણલક્ષી વકતૃત્વ સ્પર્ધા અને પર્યાવરણ દિનની ઉજવણી**

  પર્યાવરણ થીમ આધારિત વકતૃત્વ સ્પર્ધા અને પર્યાવરણ દિન ઉજવણી શાળા કક્ષાએ થાય છે.

- **ચિત્રસ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા**

  ઉચ્ચ પ્રાથમિક અને નિમ્ન પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ વચ્ચે ચિત્ર, ક્વિઝ અને નિબંધ સ્પર્ધા રાખવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ સહર્ષ ભાગ લે છે અને તેમના વિચારો રજુ કરે છે.

- **ઔષધોને લગતો હસ્ત લિખિત અંક**

  વિદ્યાર્થીઓ શાળા ઔષધબાગ આધારિત પોતાની શાળાનો એક અંક તૈયાર કરે છે.

- <u>કાગળ બચાવવા અંગેનું અભિયાન</u>

  કાગળને બચાવવા માટે દરેક શાળામાં કાગળ બચાવો અભિયાન શરૂ કરેલ છે. જેમાં એક સાઇડ લખેલ અને અન્ય કોરી સાઇડનો ઉપયોગ કરવામાં આવે છે. કાગળ વેસ્ટ થતાં અને વધુ કાગળો બનાવવા માટે કપાતા વૃક્ષો અટકાવવાની એક પહેલ છે.

- <u>ભોજનમાં રહેલા પોષક ઘટકોની જાણકારી</u>

  શાળાના કિચન ગાર્ડનમાં ઉગાડેલ વિવિધ વનસ્પતિઓનો ઉપયોગ મધ્યાહ્ન ભોજનમાં થાય છે. જેમાંથી મળતા વિવિધ પોષક તત્વોની વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવે છે.

- <u>આરોગ્યપ્રદ ટેવો અંગે ચર્ચા સભા</u>

  શાળાના પ્રાર્થનાસભા દરમિયાન આરોગ્યપ્રદ ટેવો અને સુટેવોની ચર્ચા કરવામાં આવે છે. નીરોગી જીવન જીવવા માટે આ ટેવો કેટલી મહત્વની છે તે અંગેનું નોડલ શિક્ષક દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

- <u>લોક જાગૃતિના કાર્યક્રમો, પપેટ શો દ્વારા લોકજાગૃતિ</u>

  પર્યાવરણ જાગૃતિના ભાગરૂપે શાળા કક્ષાએ નિર્માણ કરેલ વિવિધ પપેટની મદદથી પપેટ શો દ્વારા લોકજાગૃતિ લાવવાના પ્રયાસો થાય છે.

- <u>બાળકોમાં દયા ભાવનાની જાગૃતિ</u>

  વૃક્ષ સજીવ છે તેમાં સંવેદના છે તે અંગે બાળકો સભાન થાય તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.


ઇકો ક્લબ
અંતર્ગત
સ્વચ્છ ભારત રંગોળી









પી.એમ.શ્રી શાળા નં.-૧૭, જેતપુર
વર્ષ:૨૦૨૪/૨૫
વર્ષ-2024-25


















બાલ દેવો ભવઃ
ડો. જીવરાજ મહેતા
પે સેન્ટર
પ્રાથમિક શાળા નં.૮૯

# વિભાગ – 5 ઇકોક્લબ અંતર્ગત શાળા કક્ષાએ થતા પ્રવાસ / પર્યટન / મુલાકાત

પ્રવાસનું નામ પડે અને બાળકોના પગ થનગનવા લાગે છે. મન પ્રકૃતિના ખોળે જઇ બેસે છે અને હૃદય પ્રવાસે જવાના વિચારોમા નૃત્ય કરવા લાગે છે. પરંતુ મોટે ભાગે આપણે જે પ્રવાસ પર્યટન યોજીએ છીએ તે ધાર્મિક સ્થળો સાથે સંકળયેલા હોય છે. વળી સામાન્ય રીતે સાથે લઇ જવાની વસ્તુઓનું લીસ્ટ તેમજ જોવાના સ્થળોને યાદી જેવી બહુ જ ઓછી પૂર્વ તૈયારી સાથે આપણે બાળકોને લઇ જઇએ છીએ. અને પછી થોડી રમતો, નાસ્તો, ભોજન, ગીતો, વાર્તાઓ વગેરેનો આનંદ માણીને પરત ફરતા હોઇએ છીએ. પરંતુ પ્રવાસ એ પર્યાવરણ વિશે ઘણુંબધુ શીખવા જોવા અને માણવા માટે હોય છે. વાસ્તવમા બાળકો કુદરતી પર્યાવરણની સાચી સંવેદના પર્યાવરણના સ્થળે અનુભવી શકે છે નહિ કે વર્ગખંડમાં. જ્યારે બાળકોને કુદરતી પર્યાવરણના ખોળે રમતાં મુકવામાં આવે છે ત્યારે તે પર્યાવરણ સંબંધી જ્ઞાન તેની પાંચેય ઇન્દ્રિયોજેવીકે, નાક, કાન, આંખ, જીભ, ચામડી દ્વારા ગ્રહણ કરતા થાય છે.

## પ્રવાસ-પર્યટન

સામાન્ય રીતે વર્ષમાં એક વાર શાળાઓમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જેમાં પર્યાવરણ સુરક્ષાના મુદ્દાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રકૃતિના ખોળે બાળકો ગમ્મત સાથે કેમ જ્ઞાન લઇ શકે તે આ પ્રવાસ અને પર્યટનનો હેતુ છે.

- **અભયારણ્યની મુલાકાત**

વન્ય જીવોનું પર્યાવરણ સુરક્ષામાં ખૂબ જ મોટું યોગદાન હોવાથી બાળકોને અભયારણ્યની મુલાકાતે લઇ જવામાં આવે છે.

- **પક્ષીદર્શન**

વિદ્યાર્થીઓને વિવિધ પક્ષીઓનું અવલોકન કરાવાય છે. જેમાં પક્ષીઓની લાક્ષણિકતાઓ વિશે બાળકોને માહિતી આપવામાં આવે છે.

- **વનભોજન**


જેના અન્ન સાથે તેના મન સાથે એ સૂત્રને ચરિતાર્થ વનભોજન દ્વારા કરી શકાય છે. વિદ્યાર્થીઓ પોતે ઘરે બનાવેલ વિવિધ ખાદ્ય સામગ્રીઓ સાથે ભેગા મળીને ખાય છે. જેથી એક પ્રકારના પૌષ્ટિક આહાર બાળકો લેતા થાય છે.

- **વાડી ખેતર મુલાકાત**

વિદ્યાર્થીઓને ઇકોક્લબ અંતર્ગત નજીકની વાડી – ખેતરની મુલાકાતે લઈ જવામા આવે છે. પાક કેવી રીતે લેવો અને કેવી રીતે વાવેતર કરવું એટલે કે ખેતીકામની પ્રારંભથી અંત સુધીની દરેક કામગીરીની સચોટ અને વ્યવહારૂ માહિતી આપવામાં આવે છે.


- શાળા કક્ષાએ આજુબાજુમાં આવેલા ઉદ્યાનની મુલાકાત લઇ શાળાના વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યેની જાગૃતતા કેળવવામાં આવે છે.
- પ્રાકૃતિક સ્થળોના પ્રવાસથી બાળકોમાં પ્રકૃતિ પ્રત્યેની સંવેદના વિકસાવવામાં આવે છે.
- પ્રાણીસંગ્રહાલય તેમજ પક્ષીઘરની મુલાકાત લઈ બાળકોમાં પ્રાણીઓ તેમજ પક્ષીઓ પ્રત્યેની સંવેદના વિકસાવવામાં આવે છે.
- વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત ટ્રેકિંગ કેમ્પ જેવી પ્રવૃત્તિમાં બાળકોને સહભાગી બનાવી બાળકોમાં પ્રકૃતિ પ્રત્યેની જાગૃતતા કેળવવામાં આવે છે.

DIET-RAJKOT


















MANAVADAR
VADIA
BILKHA






18/01/2025 18:01






AM
VALLEY
GUJARAT
INDIA
2025.01.05 10:45

# વિભાગ – 6 ઈકો ક્લબ અંતર્ગત શાળા કક્ષાએ થતી અન્ય પ્રવૃત્તિ.

**પ્રસ્તાવના :**

શાળામા ઈકો ક્લબ અંતર્ગત અન્ય વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, શોષખાડા નિર્માણ, વૃક્ષ પરિચય, સ્વસ્થ જમીન રચના, ક્યારા બનાવવાની પ્રવૃત્તિ, નિંદણકામ વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, જેની વિગતે માહિતી નીચે મુજબ છે.

- **શોષખાડાની રચના**

  દુષિત પાણીના નિકાલ માટે શાળામાં શોષખાડાની રચના કરવામાં આવે છે. શોષખાડાની રચના શા માટે જરૂરી છે તેની સમજ પણ બાળકોને આપવામાં આવે છે.
- **વૃક્ષોના થડ પર ચુનો અને ગેરૂ લગાવવા**

  મોટા વૃક્ષોના થડ લાંબા સમય સડે નહિ તે માટે થડ પર ગેરુ અને ચૂનો લગાડવામાં આવે છે આ રીતે વૃક્ષના થડનું આયુષ્ય વધારવાના પ્રયત્નો થાય છે.
- **સ્વસ્થ જમીનની રચના**

  છોડ અને વનસ્પતિના વિકાસ અને વિસ્તરણ માટે સ્વસ્થ જમીનનું નિર્માણ થાય છે. જેમાં વિવિધ પોષકતત્વો ઉમેરવામાં આવે છે. ખેતરની કાળી માટીનો મહત્તમ ઉપયોગ થાય છે.
- **વૃક્ષોની ગણતરી તથા નામકરણ**

  શાળા પરિસરના વૃક્ષોની ગણતરી કરી તેનું નામકરણ કરવામાં આવે છે. આ પ્રવૃતિથી એક બાજુ વૃક્ષોની ગણતરી પણ થાય છે અને બીજી બાજુ શાળાની મુલાકાતે આવનારને શાળાની ઈકોકલબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓ વિશે ખ્યાલ આવે છે.
- **ઈંટોથી ક્યારા બનાવવા તેમજ ઈંટો રંગવી.**

  વેસ્ટેજ ઇંટો અને વિવિધ આકારના પથ્થરોનો ઉપયોગ કરી છોડ અને વૃક્ષ ફરતે ક્યારા બનાવવામાં આવે છે અને આ ક્યારાને ગેરુના રંગથી રંગીને સુશોભિત કરવામાં આવે છે.

- **પાણીના જાહેર નળ તથા રસ્તાનું સમારકામ**

  શાળા પરિસરની આસ-પાસના પાણીના જાહેર નળ કે જેમાંથી સતત પાણી ટપકતું હોય તેનું તેમજ રસ્તાના નાના-મોટા સમારકામ પણ આ વિભાગ અંતર્ગત કરવામાં આવે છે.

- **નિંદણકામ**

  સપ્તાહમાં એકવાર શ્રમયજ્ઞ યોજીને છોડ અને વૃક્ષ સાથે ઊગી નીકળતા વધારાના ઘાસ અને બિનજરૂરી વનસ્પતિનું નિંદામણ કરી જગ્યા સ્વચ્છ કરવામાં આવે છે.

- **પર્યાવરણલક્ષી ભીંતસૂત્રોનું લેખન**

  પર્યાવરણ સુરક્ષા, જાગૃતિને લગતા સૂત્રોનું શાળાના કમ્પાઉન્ડ વોલની દિવાલ અને ઇકોક્લબ કોર્નર રૂમમાં પેઇન્ટીંગ કરવામાં આવે છે.

- **જાદુઈ વનસ્પતિનું વાવેતર**

  જાદુઇ વનસ્પતિ જેવી કે સૂર્યમુખી, લજામણી વગેરેનું વાવેતર શાળાના બગીચામાં કરી વિવિધતા લાવવા પ્રયત્ન કરવામાં આવે છે.

- **ઈકો સીમ્બોલનો ઉપયોગ**

  શાળા કક્ષાએ વિવિધ ઈકો સિમ્બોલનું નિર્માણ કરી બેસ્ટ પ્રિન્ટ સાહિત્યનું નિર્માણ કરવામાં આવે છે.

- **કુદરતી જંતુનાશક દવા બનાવવી**

  શાળા પરિસરમાં એવી જંતુનાશક દવાનું નિર્માણ કરવામાં આવે છે જેથી શાળામાં ઇકો ફ્રેન્ડલી વાતાવરણ નિર્માણ કરવામાં આવે છે.

- **ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈકો ક્લબ**

  ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઇકોક્લબ એકટીવીટીને જીવંત બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.

- **અમૃતપાણી, કુદરતી ખાતર**

  કુદરતી રીતે સામાન્ય પાણીને પીવાલાયક બનાવવા માટે તેમજ શાળા કક્ષાએ એક અલાયદા ભૂમિ સ્વરૂપમાં કુદરતી ખાતર નિર્માણની પ્રવૃત્તિ થાય છે.

DIET-RAJKOT

- **પર્ણપોથી**

  વિદ્યાર્થીઓ પાસે વનસ્પતિના જુદા-જુદા પર્ણ એકત્ર કરાવી પર્ણપોથી બનાવવાનો પ્રોજેક્ટ કરાવવામાં આવે છે.
- **વૃક્ષ પરિચય**

  શાળામાં ઉપલબ્ધ વિવિધ વૃક્ષો અને વનસ્પતિઓની માહિતી દર્શાવતો ચાર્ટ તૈયાર કરવામાં આવે છે.

  આ ઉપરાંત,
- ટપક સિંચાઈ પિયત પદ્ધતિઓનો પ્રચાર કરવામાં આવે છે.
- શાળામાં પર્યાવરણ કોર્નરની રચના કરવામાં આવે છે. જેમાં પર્યાવરણને લગતી માહિતી બાળકો મેળવી શકે.
- શાળાના બાગમાં ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી બાળકોમાં પાણીની બચત જેવા ગુણોનો વિકાસ કરવામાં આવે છે.
- શાળાના બાળકો દ્વારા પર્યાવરણ સંબંધિત બેનર બનાવવાની સ્પર્ધાનું આયોજન કરી બાળકોમાં સર્જનાત્મકતાની સાથે સાથે પર્યાવરણ પ્રત્યેની સંવેદના કેળવવામાં આવે છે.
- આપણી પાસે ઉપલબ્ધ હોય તેવા અથવા કોઈ પર્યાવરણ જાગૃતિ માટે કામ કરતી સંસ્થા દ્વારા તૈયાર કરેલી શોર્ટ ફિલ્મ નિદર્શન કરાવવામાં આવે છે.
- શાળામાં પ્રાર્થના પ્રવૃત્તિમાં શિક્ષકો દ્વારા પર્યાવરણ જાગૃતિ સંબંધિત વ્યાખ્યાન આપી પર્યાવરણ જાગૃતિને વેગવંતી બનાવાય છે.
- એક પેડ માં કે નામ

  'એક પેડ માં કે નામ" પોતાની માતાના નામે વૃક્ષ વાવવા માટે એક પ્રતીકાત્મક સંકેત છે. આ પ્રકલ્પ બેવડા હેતુને પૂર્ણ કરે છે. બાળકના જીવનમાં માતાઓની ભૂમિકાનું સન્માન અને સાથે સાથે પ્રકૃતિના સંવર્ધનમાં યોગદાન આપવું. વૃક્ષો જીવન ટકાવી રાખે છે, અને માતાની જેમ, તેઓ આગામી પેઢી માટે પોષણ, રક્ષણ અને ભવિષ્ય પૂરું પાડે છે. આ પહેલ દ્વારા, સહભાગીઓ માત્ર તેમની માતાના માનમાં એક કાયમી સ્મૃતિ જ નહીં, પણ પર્યાવરણીય સંરક્ષણની તાત્કાલિક જરૂરિયાતને પણ પૂર્ણ કરી રહ્યા છે.

DIET-RAJKOT










Reno




દિવસ-6
પાણી બચાવો






બેંક ઓફ મહારાષ્ટ્ર
(भारत सरकार का उद्यम)





લિંબડો











SAVE THE EARTH
By Planting Trees
If we don't allow the earth to produce beauty and pleasure, in the end it will not produce food.
Vekariya Granth Reenaben






# વિભાગ - 7 શાળાને સ્વચ્છતા/પર્યાવરણ સંરક્ષણ/ઇકોક્લબ અંતર્ગત કરેલ વિશેષ કામગીરી બદલ મળેલ પુરસ્કાર તથા લોકસહયોગ

મંગળ પર રહેવા જવું છે ? પહેલા પૃથ્વી પર તો રહેતા શીખીએ !

માનવી સાવ એકાકી બની ગયો છે. એણે ખીલતું ગુલાબ, ઉગતો છોડ, મોરનો ટહુકો કે આંબાના મોર જોવા, સાંભળવા કે માણવાનો લ્હાવો જ ગૂમાવી દીધો છે. એ જે અન્ન ખાય છે તે કેવી રીતે પેદા થાય છે તેની એને ખબર નથી. કોક અને પેપ્સીની બોટલ ખૂલે ત્યારે થતાં અવાજનો એને પરિચય છે, પરંતુ ભેંસના આંચળમાંથી પીતળની બોઘરણીમાં આવતી તાજા દૂધની સેર કેવો રણકાર કરે એની એને ખબર નથી. પાઉડરના દૂધની વાસનો એને પરિચય છે, પરંતુ તાજા દૂધની સોડમને એ ઓળખતો નથી.

નિસર્ગે માનવીને બક્ષેલી સંપદાની સાચવણીનો પ્રશ્ન આજે જ્યારે વિશ્વભરમાં પ્રાણપ્રશ્ન બનેલો છે ત્યારે વૃક્ષોને ઈશ્વર સમાન માનતી સંસ્કૃતિના વારસદાર એવા આપણે સૌ ભારતીયો વૃક્ષસંવર્ધન પ્રત્યે ફરી જાગૃત થયા છીએ તે ખૂબ જ સંતોષકારક તથા આવકાર્ય બાબત છે. જે અંતર્ગત શાળા કક્ષાએ નીચેની પ્રવૃત્તિઓ  હાથ ધરી શકાય.

- ઈકો ક્લબ દ્વારા આર્થિક ઉપાર્જન
- પર્યાવરણ સંતુલન જાળવવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જન જાગૃત્તિ
- જાહેર સ્થળોની સ્વચ્છતા
- ગામના બગીચાની જાળવણી

નાગરીકોના આવા પ્રસંશનીય કાર્યની નોંધ શાસન દ્વારા લેવાય અને તે માટે નાગરીકોને પુરસ્કૃત કરવામાં આવે તે સર્વથા યથોચિત છે. જેના અમુક પુરસ્કાર નીચે મુજબ છે.

**ભારત સરકાર તરફથી મળતા પુરસ્કાર :**

**1. મહાવૃક્ષ પુરસ્કાર -**

1993-34 થી સૌથી વધુ ઊંચાઈ તેમજ ગોળાઈ ધરાવતા વૃક્ષોને મહાવૃક્ષ નામનો પુરસ્કાર આપવાનું નકકી કરેલ છે. સરકારી જમીનમાં વૃક્ષ હોય તો ખાતાને અને ખાનગી જમીનમાં હોય તો જેની માલિકીની જમીન હોય તેને પુરસ્કૃત કરવામાં આવે છે. સને 1999 માટે જાહેર મહાવૃક્ષ લીમડો, સીસમ, ચંદન છે.


**ગુજરાત સરકાર તરફથી મળતા પુરસ્કાર :**


**2. વન પંડિત પુરસ્કાર**

આ પુરસ્કાર માટે એક વર્ષ નહી પરંતુ લાંબાગાળા માટે વનીકરણ તેમજ વૃક્ષોના રક્ષણ માટે જે ફાળો આપેલ છે. તે લક્ષમાં લેવાય છે. પર્યાવરણની જાળવણી, વૃક્ષ રક્ષણ માટે કરેલ કામગીરી માટે કોઈપણ વ્યકિતને આપવામાં આવે છે.

આ યોજનામાં વૃક્ષ ઉછેર માટે લોકજાગૃતિ ધ્યાનમાં લેવાય છે.

આ ઉપરાંત સરકાર દ્વારા ગિર ફાઉન્ડેશન - ગાંધીનગર દ્વારા પણ શાળાને પુરસ્કૃત કરવામા આવે છે.





ડાયસ કોડ : 24090503001

શ્રી મોટા ગુંદાળા પ્રાથમિક શાળા

પ્રમાણપત્ર

વોટર ટેસ્ટીંગ રીપોર્ટ

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે રાજકોટ જિલ્લાની [illegible]

હસ્તકની પી એમ શ્રી મોટા ગુંદાળા પ્રાથમિક શાળાના પીવાલાયક પાણીમાં TDS [illegible]

વિદ્યાર્થીઓ માટે શુદ્ધ અને પીવાલાયક છે જેની ખાતરી બદલ આ પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે.

HWC - Mota Gundala
PHC
Jetalsar
Block Jetpur

Commutiy Hea[illegible]
HWC - Mota [illegible]
PHC - Jetalsar [illegible]




શિક્ષણ વિભાગ-ગુજરાત રાજ્ય
જીસીઈઆરટી, ગાંધીનગર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ

શાળા સ્વચ્છતા એવોર્ડ
વર્ષ: ૨૦૧૬-૧૭

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત
રાજકોટ જિલ્લાના એમ. એસ. બી.ની ઈસ્ટઝોનની
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ પ્રાથમિક શાળા નં. ૧૩ ને
શાળા સ્વચ્છતા એવોર્ડ
અંતર્ગત
ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ
સન્માન કરતાં ગૌરવ અનુભવીએ છીએ.
આપની શાળાએ સમાજમાં સ્વચ્છતા પ્રહરી બની, મૂલ્ય શિક્ષણને
ઉજાગર કર્યું છે. જે આવનારી પેઢીના ઘડતર માટે સંભારણું બની રહેશે.
આપની શાળા હંમેશા સ્વચ્છતાના પ્રતીક સ્વરૂપે રાષ્ટ્રની આગવી
ઓળખ બની રહે તેવી અભ્યર્થના.

एक कदम स्वच्छता की ओर

DIET-RAJKOT





Swachh Vidyalaya Puraskar
Department of School Education & Literacy
Ministry of Education, Government of India

Azadi Ka Amrit Mahotsav

Swachh Bharat Swachh Vidyalaya

**SWACHH VIDYALAYA PURASKAR 2021-22**

**District Level Award**

This is to certify that MOTA GUNDALA PRIMARY SCHOOL School With UDISE+Code 24090503001 has received the District Level Award in Swachh Vidyalaya Puraskar 2021-22 and has achieved an overall score of 98 % with a overall rating of ★★★★★

District Collector

**Sub Category Wise Self-evaluation Scores**

Water 100 % Toilets 98 % Handwashing with Soap 100 % Operation and Maintenance 100 % Behavior Change and Capacity Building 90 % COVID-19 Preparedness and response 100 %

★ Below 35% : Poor | ★★ 35% - 50% : Fair | ★★★ 51% - 74% : Good | ★★★★ 75% - 89% : Very Good | ★★★★★ 90% - 100% : Excellent

Rating Norms





શહેરી વિકાસ અને
શહેરી ગૃહ નિર્માણ વિકાસ

સ્વચ્છતા
હી સેવા ૨૦૨૪

સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા

નિર્મળ ગુજરાત 2.0

Azadi Ka Amrit Mahotsav

# જેતપુર નવાગઢ નગરપાલિકા

SWACHH SURVEKSHAN 2024

## સન્માન પત્ર

**સ્વચ્છ ભારત મિશન-અર્બન-૨.૦,**
**સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા**

શ્રી, ....તેભાણી રાજેશ કિશોરભાઈ તાલુકાશાળા નં-૧.... આપના દ્વારા સરકારશ્રીના સ્વચ્છા હી સેવા - ૨૦૨૪ કાર્યક્રમ અંતગર્ત ....સ્વચ્છતાગૃહિ.... માં ભાગ લીધેલ અને લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતી કેળવવા પ્રયાસ આપના દ્વારા કરવામાં આવેલ છે, જે બદલ જેતપુર નવાગઢ નગરપાલિકા તમોને સન્માનીત કરી આ સન્માન પત્ર એનાયત કરવામાં આવે છે.

આપ ભવિષ્યમાં પણ આજ રીતે લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતી કેળવવાના પ્રયાસ દાખવતા રહો તેમજ ઉન્નતિ શિખરો સર કરો તેવી શુભેચ્છા સહ...

સ્થળ : જેતપુર
તારીખ : ૦૨/૧૦/૨૦૨૪

અશ્વિન કે. ગઢવી
ચીફ ઓફીસર
જેતપુર નવાગઢ નગરપાલિકા

.....................
વહીવટદાર
જેતપુર નવાગઢ નગરપાલિકા
અને એસ.ડી.એમ. ગોંડલ



## પ્રાર્થના

ઓ પ્રભુ, મને સૃષ્ટિનું જ્ઞાન બક્ષ...... મને સમજાવવામાં મદદ કર

કે, પૃથ્વી પરના સર્વે જીવ આ વિશાળ જીવ-શૃંખલાના જ

પાસાં છે, જેનો મનુષ્ય મુખ્ય રક્ષક છે. મને બુદ્ધિ અને જ્ઞાન બક્ષ.....

કે, જેથી હું આ પૃથ્વી પરની અજાયબ સૃષ્ટિ અને તેની વિવિધતાને

સમજી શકું અને આનંદ મેળવી શકું. ઓ પ્રભુ મારી જ્ઞાનની આંખો ઉઘાડ

મને શકિત અને જ્ઞાન આપ જેથી હું સમજી શકું કે,

જો આ પર્યાવરણ વિફળ જાય તો, મારો પણ અંત દૂર નથી !!



# ઇકો ક્લબ અંતર્ગત સૂત્રો

- જાતે નર્યા તે પહેલું સુખ વૃક્ષ વિના નથી બીજું સુખ
- ધરતી પર જો હરા હૈ, વહી સર્વાધિક પ્યારા હૈ
- ઉઘાડી ધરતીનો એક જ પોકાર, વૃક્ષ વાવી કરો શૃંગાર
- સામાજિક વનીકરણથી થાય બેડો પાર, પ્રયાસ અમારો અને આપનો સહકાર
- વૃક્ષો ધરતી માં ના રક્ષક, તેનો નાશ ન કરો નિરર્થક
- વૃક્ષ છે ધરતી નો સરતાજ, ભારતને છે વન પર નાજ
- અમારો એક જ મુખ્ય સંદેશ, કરો હરિયાળો પ્રદેશ
- દેશનો હવે છે એકરાર, બાળક થોડાને વૃક્ષો હજાર
- વૃક્ષારોપણ અપનાવો, દરિદ્રતા દફનાઓ
- વન વર્ધનનો સંકલ્પ એક, ઉગાડી બચાવીએ વૃક્ષો અનેક
- વૃક્ષો કાપીને માનવ બને પાપી, તેણે વૃક્ષની મહાનતા નથી માપી
- વૃક્ષોની વૃદ્ધિ એટલે આપણી સમૃદ્ધિ
- આપણી નૈસર્ગિક જૈવિક સંપત્તિનો વારસો જાળવી રાખીએ
- વૃક્ષો વાવો, દુષ્કાળ હટાવો
- વન રહેશે ધરા પર જ્યાં સુધી, જીવન રહેશે નિરોગી ત્યાં સુધી
- બાળક બોલે કાલું કાલું, વૃક્ષ મને વહાલું વહાલું
- વૃક્ષ પર પક્ષીઓ બાંધે માળો, વૃક્ષ તો છે માનવ જીવનનો સહારો
- જલ બગાડ માનવના પાપ, દુષ્કાળ છે કુદરતનો શ્રાપ
- ઉજ્જડ જમીન હવે રહે ના ખાલી, વૃક્ષ વાવીને કરી દો હરિયાળી
- ધરતી માંગી રહી છે વરદાન, તમે તેને આપો વૃક્ષદાન
- વૃક્ષ કાપીને માનવ બને છે પાપી, તેણે વૃક્ષની મહાનતા નથી માપી
- વૃક્ષ વિનાશે પંખી નાશ, પંખી વિનાશે ખેતી નાશ
- વૃક્ષારોપણ કામ મહાન, એક વૃક્ષ દસ પુત્ર સમાન

જિલ્લા કક્ષાના દસ્તાવેજીકરણ માટે આપની શાળાની ઈકોક્લબની પ્રવૃત્તિઓ અહીં અપલોડ કરો.(ફક્ત રાજકોટ જિલ્લા માટે)

DIET-RAJKOT